ફોજદારી કેસ નં.૧૨૦૦૦૩૬/૧૫.ના કામે આંક:૧ તળે હુકમ:

૧. આ કામે આરોપી સામે ફરીયાદ દાખલ થતા, તપાસના અંતે ચાર્જસીટ રજુ કરવામાં આવતા, આરોપી વિરુધ્ધ પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ છે.

૨. કેસનું રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે. અદાલત ધ્વારા આરોપીને હાજર રખાવવા અવાર-નવાર પ્રોસેસ ,સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. સદર પ્રોસેસ બજવણી કરનાર અમલદાર ધ્વારા બજેલ કે વગર બજેલ પરત આવેલ નથી. /આરોપી બીજે રહેવા ચાલ્યા ગયેલ છે. ના શેરા સાથે પરત આવેલ છે. આમ અદાલત ધ્વારા આરોપી ને અવાર -નવાર પ્રોસેસ કરવા છતાં ફરીયાદ પક્ષ આરોપીને અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષની નિષ્ફળતાના કારણે કેસ લંબાયેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં સમન્સ/વોરંટ ટ્રાયેબલ ગુનો છે. પોલીસ ચાર્જસીટ ઉપરથી દાખલ કરવામાં આવેલ ગુનો છે. અદાલત ધ્વારા આરોપીને હાજર રખાવવા ફરીયાદ પક્ષને વ્યાજબી અને પુરતી કહી શકાય તેવી તકો આપવામાં આવેલ છે. આમ છતાં ફરીયાદ પક્ષ આરોપીને અદાલતમાં હાજર રાખી શકેલ નથી. સદર કેસનો પ્રકાર તેમજ કેસ ઉપરની હકીકતો કેસનું રેકર્ડ -રોજકામ ધ્યાન સમક્ષ રાખતાં આ સાથે ક્રિમીનલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલી ધારાકીય જોગવાઈ કલમ: ૨૫૮, ધ્યાન સમક્ષ રાખતાં સદર કેસ આ કલમમાં પડતો કેસ જણાઈ આવેલ છે. નામદાર સુપ્રીમકોર્ટ ના ચુકાદામાં ઠરાવેલ છે કે ક્રિમીનલ કોર્ટો એ ઉચિત કેસોમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ: ૨૫૮, ૩૦૯,૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમાં વાપરવા જોઈએ.

૩. સી.આર.પી.સી.કલમ: ૨૫૮, માં કરવામાં આવેલી જોગવાઈ ધ્યાન સમક્ષ રાખતા તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ઉપર જણાવ્યા મુજબના કેસો ધ્યાન સમક્ષ રાખતા કેસ જુનો હોઈ આ કામે પોલીસ એજન્સીને/ફરીયાદ પક્ષને પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલના કામે આરોપી વિરુધ્ધ પોલીસે અદાલતમાં ચાર્જસીટ દાખલ કર્યા ની તારીખથી આજદીન સુધી અવાર નવાર પ્રોસેસ, સમન્સ /વોરંટ કરવા છતાં આ કામે ફરીયાદ પક્ષે આરોપીને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલો ગુનો તે સામે ધારાકીય જોગવાઈ મુજબ થવાને પાત્ર વધુ માં વધુ સજાની જોગવાઈ જોતાં તેમજ કેસનો પ્રકાર જોતાં કેસને વિશેષ લંબાવવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આથી ફોજદારી કાર્યરતી અધીનીયમ ની કલમ: ૨૫૮, અન્વયે તો.દાર સામેને કાર્યવાહી પડતી મુકી આરોપીને બીનતહોમત મુકત ગણી તેમની સામેનો કેસ ફેસલ ગણી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

-: હુ ક મ :-

૧. ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:૨૫૮ તળે તહોમતદાર સામેની હાલની કાર્યવાહી સ્થગીત કરી આરોપીને તેમની વિરુધ્ધ ના ગુન્હાના તહોમતમાંથી બની તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૧૦/૨/૧૮
અમદાવાદ.

(એસ.એમ.સોલકી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૨,અમદાવાદ.
જી.જે.૦૦૫૧૪